# પરિશ્રમ સફળતાની કૂંચી છે

– આચાર્ય સત્યાનંદ ''નૈષ્ઠિક''

એક શેઠજીની પોતાની દુકાન હતી. ઘણી મહેનત કરીને શેઠજીએ પોતાનો વેપાર વધાર્યો હતો. સારી એવી કમાણી પણ થતી હતી. શેઠજીને એકનો એક દીકરો હતો. પણ તે મહાઆળસુ, કામચોર અને બેકાર હતો. શેઠજીએ તેને ઘણો સમજાવ્યો પણ તે કામ કરતો નહોતો. શેઠજીને પોતાના વેપારની ચિંતા રહેતી કે આ છોકરો તેને કેવી રીતે સંભાળશે ? આખરે શેઠજીને એક ઉપાય સૂઝયો.

શેઠજીએ પોતાના દીકરાને સુધારવાનો ઉપાય શોધ્યો. અને તેમણે પોતાના દીકરાને કહ્યું, ''આજ પોતાની મહેનતની કમાણી કરી લાવ તો જ જમવાનું મળશે, નહીંતર નહીં '' છોકરો શેઠજીની વાત સાંભળી પરેશાન થઈ ગયો અને વિચારવા લાગ્યો કે હવે શું કરું ? તે સીધો પોતાની મા પાસે ગયો અને વિનવણી કરવા લાગ્યો કે મને એક રૂપિયો જોઈએ છે. મમતાવશ માએ તેને એક રૂપિયો આપી દીધો. સાંજે જ્યારે શેઠજીએ આજની કમાણી માંગી તો દિકરાએ તેમની હથેળી પર રૂપિયો મૂકી દીધો. જૂના જમાનામાં ૧ રૂપિયાની પણ ઘણી કિંમત હતી. પણ શેઠજીની નજર છોકરાના કામ પર હતી. કે તે શું કરે છે. તે બધું જાણી ગયા. શેઠજીએ હુકમ કર્યા'' જા, આને નજીકના કૂવામાં ફેંકી દે.'' છોકરો દોડતો ગયો અને રૂપિયાને કૂવામાં નાંખી દીધો. છોકરાએ વિચાર્યું કે બલા ટળી.

બીજા દિવસે ફરીથી શેઠજીએ છોકરાને બોલાવ્યો અને કહ્યું, ''આજે ફરીથી પોતાની મહેનતથી કશું કમાવી લાવ તો જ ભોજન મળશે.'' છોકરાએ વિચાર્યું આજે ફરી એ જ મુસીબત ! તેનો સ્વભાવ કામચોર તથા આળસુ પ્રવૃત્તિનો હતો તે કામ જ કરવા નહોતો ઇચ્છતો, આજે તે મોટીબેન પાસે જઇ રૂપિયા માટે કરગરવા માંડયો. બેનને ભાઇ પર દયા આવી અને રૂપિયો આપ્યો. છોકરાની પરેશાની દૂર થઈ. સાંજે શેઠજીએ તેની કમાણી માંગી. તેણે આજે ફરી રૂપિયો આપ્યો. શેઠજી હોંશિયાર હતા. તે જાણતા હતા કે રૂપિયો ક્યાંથી લાવ્યો તો શેઠજીએ તેની માને પિયર મોકલી દીધી. હવે બેન પાસેથી લાવ્યો. શેઠજીએ હુકમ કર્યા કે જા આને પણ કૂવામાં ફેંકી દે. છોકરો ઝડપથી ગયો અને રૂપિયો ફેંકી દીધો. તે પછી તેને ભોજન મળ્યું. પછી શેઠજીએ પોતાની દિકરીને સાસરે મોકલી દીધી.

ત્રીજા દિવસે ફરીથી શેઠજીએ પોતાના દિકરાને બોલાવ્યો અને કહ્યું, ‘આજે ફરી પોતાની મહેનતથી કમાવી લાવ. ‘‘છોકરો ઘણો પરેશાન થયો. કારણ કે તેને રૂપિયો આપનાર મા તથા બેન આજે ઘરે નહોતી. આજ તેને કોણ સાંભળત. તેના પાડોશી પણ જાણતા હતા કે તે નકામો, બેકાર છે. જ્યારે રૂપિયો મળવાની આશા ન દેખાઈ તો તે કામ શોધવા બજારમાં ગયો. મહામુશ્કેલીએ એક કામ મળ્યું. આખો દિવસ કામ કર્યા પછી લાલજીએ ચાર આના આપવાની વાત કરી. છોકરાએ આને સ્વીકારી લીધું. આખો દિવસ તે કોથળાનો ભાર વેંઢતો રહ્યો. તેની કમર લચકાઈ ગઈ. સીધી પણ નહોતો કરી શકતો. થાકીને લથપથ થઈ ગયો હતો. તેનામાં ચાલવાની શક્તિ પણ રહી નહોતી. સખત મહેનત પછી ચાર આના લઈ તે ઘરે પહોંચ્યો. શેઠજીએ જોયું કે આજે તેનો ચહેરો ચાડી ખાઈ રહ્યો હતો. તેણે આજની મહેનતની કમાણી માંગી. છોકરાએ હાથ પર ચારઆના મૂકી દીધાં. શેઠજી ઘણા સમજદાર હતા. તરત બોલ્યા, ‘‘જા, આને પણ કૂવામાં ફેંકી દે.’’ આટલું સાંભળતા જ છોકરાની આંખો ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ અને બોલ્યો, ‘‘આખો દિવસ મારી કમર ઝૂકી ગઈ, ચાલવાની પણ તાકાત નથી સખત મહેનત પછી આ ચાર આના લાવ્યો છું. અને તમે કહો છો કે આને કૂવામાં નાંખી દે.’’



શેઠજીએ કહ્યું, ''કાલે તો કૂવામાં એક રૂપિયો નાંખ્યો હતો, આજે તો કેવળ ચાર આના જ છે.''

છોકરાએ કહ્યું, ''બાપુજી, આ ચાર આના એક રૂપિયા કરતાં વધુ કિંમતી છે કારણ કે મને સમજાઈ ગયું છે કે મહેનત વગરનો એક રૂપિયો ફેંકવામાં મને કોઈ પરેશાની થઈ નહીં અને ચાર આના ફેંકવામાં કષ્ટનો અનુભવ કરી રહ્યો છું.''

શેઠજીએ દિકરાની પીઠ થાબડી તેને પોતાને ગળે વળગાડયો અને પોતાની દુકાનનો કારોબાર તેને સોંપી કહ્યું, ''આજે તે પરિશ્રમના ફળને જાણી લીધું જે મીઠું હોય છે. પરિશ્રમ જ સફળતાની કૂંચી છે. હવે તું આ કામ કરી શકીશ. બસ, આ જ શિક્ષા તને આપવા ચાહતો હતો.

■